**મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ ,**
**સરદાર પટેલ વિદ્યુત ભવન , રેસકોર્સ , વડોદરા –૩૯૦૦૦૭.**

**CIN :U40102GJ2003SGC042907**
ફેક્સ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩ ,(૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪
ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦
ઈમેઈલ : cetech.mgvcl@gebmail.com
ઈમેઈલ : ceproj.mgvcl@gebmail.com

# ❖ ખેતી વિષયક વીજ જોડાણો

## ❖ સામાન્ય યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ :

સમગ્ર રાજ્યમા આદિજાતિ વિસ્તારો સિવાયના વિસ્તારોમા નવીન ખેતી વિષયક વીજ જોડાણો મેળવવા માટે વાર્ષિક નોંધણી થતી પડતર અરજીઓને **સામાન્ય યોજના** અંતર્ગત અગ્રતા ક્રમે નિકાલ કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા, સામાન્ય યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણોની પડતર અરજીઓનો નિકાલ લાવવા, વધારે કુવાના વિજળીકરણ કરી શકાય તે માટે થનાર ખર્ચ માટેની રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ને **શેર મૂડી તરીકે નાણાકીય સહાય** આપવામાં આવે છે.

જે અન્વયે અરજદારશ્રીઓ દ્વારા નીચે મુજબની તકેદારી રાખી અરજી કરવાની રહે છે;

૧. સામાન્ય યોજના રાજયમાં આદિજાતિ વિસ્તારો સિવાયના વિસ્તારોમા અમલી છે.
૨. સદર યોજના માટે સરકારશ્રી તેમજ વીજ વિતરણ કંપની ધ્વારા નાંણાકીય જોગવાઈ કરવામાં આવી છે.
૩. સદર યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા લાભાર્થીએ જમીનને લગતા જરૂરી દસ્તાવેજો દા.ત. ૭/૧૨ , ૮-અ , હક્કપત્રક વિગેરે સાથે રજીસ્ટ્રેશન ચાર્જીસ ભરી સંલગ્ન વીજ વિતરણ કંપનીની સંલગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે અરજી કરવાની રહે છે. હાલમાં અરજી ઓનલાઈન માધ્યમ દ્વારા નોંધણી કરવામાં આવેલ છે.
૪. સદર યોજના હેઠળ લાઇન ચાર્જીસ, ટ્રાન્સફોર્મર સેન્ટરના ચાર્જીસ, સવીર્સ કનેકશન ચાર્જીસના બદલે અરજદાર પાસેથી સામાન્ય દરેક ગુજરાત વીજ નિયમન પંચ ધ્વારા નક્કી કરાયેલ ચાર્જીસ વસૂલવામાં આવે છે.
૫. કામગીરી પૂર્ણ થયા બાદ અરજદાર તરફથી ટેસ્ટ રીપોર્ટ આપવાનો હોય છે. બે માસની સમય મર્યાદામા ટેસ્ટ રીપોર્ટ રજૂ ન થાય તો ઓછામા ઓછુ (મીનીમમ) બીલ આકારવામા આવે છે.
૬. સદર યોજના હેઠળ મીટર મૂકીને, પ્રતિ યુનિટ લેખે નક્કી થયેલ દરે વીજ બીલ લેવામાં આવે છે.
૭. ડાર્કઝોન વિસ્તારમાં નોંધાયેલ અરજદાર દ્વારા ડાર્કઝોન યોજનાના ધારા-ધોરણ મુજબ ફરજીયાત કાર્યવાહી કરવાની હોય છે.